# પ્રકૃતિ આધારિત જ્ઞાનની પરંપરા નામશેષ થઈ રહી છે

ભારત એક કૃષિપ્રધાન દેશ છે. ભારતના ખેડૂતો સદીઓથી આકાશ, વૃક્ષો, છોડ, પ્રાણીઓ, પક્ષીઓ અને તારાઓની ગતિવિધિઓનો અભ્યાસ કરીને હવામાનની આગાહી કરતા આવ્યા છે. પ્રકૃતિનું આ જ્ઞાન સંસ્કૃત ગ્રંથો, કહેવતો અને પેઢી દર પેઢી ચાલતી મૌખિક પરંપરાઓમાં સૂત્રોના રૂપમાં ટકી રહ્યું છે, જેમાં ઉત્તર ભારતમાં ઘાઘ અને ભદ્દરીની કહેવતો મુખ્ય છે, જેને ગુજરાતમાં ભડલી વાક્યો તરીકે પણ ઓળખવામાં આવે છે. આજે પણ મે અને જૂનની તીવ્ર ગરમી દરમિયાન ગ્રામીણ વિસ્તારોમાં વડીલો ઘણીવાર છોડ, પક્ષીઓ, આકાશની સ્થિતિ અને પવનની ગતિ અને દિશાના આધારે વરસાદની આગાહી કરતા જોઈ શકાય છે. તેઓ ઘણીવાર કહેતા સાંભળી શકાય છે કે આ વખતે વરસાદ થોડો મોડો પડશે, કારણ કે ગરમાળાનાં ઝાડ પરનાં ફૂલો સંપૂર્ણપણે ખીલ્યા નથી અને ચાતક પક્ષીનો સાદ હજુ પણ નબળો છે. આમ, હજારો ભારતીય વડીલોનું લોકજ્ઞાન ન તો અંધશ્રદ્ધા છે કે ન તો માત્ર અનુમાન છે. તે ભારતના પરંપરાગત જ્ઞાનનો એક નાનો ભાગ છે. આજે જ્યારે એક જ ક્લિકમાં હવામાનની આગાહી ઉપલબ્ધ છે, ત્યારે જ્ઞાનની આ પરંપરા અદશ્ય થઈ રહી છે. કવિ ઘાઘે તેમની કહેવતોમાં હવામાનની પેટર્નનો પણ ઉલ્લેખ કર્યો છે, જેને આજનું વિજ્ઞાન હવે અલ નીનો અને લા નીનાની લાંબા ગાળાની અસરો તરીકે સમજાવે છે. ઘાઘ ૧૭મી સદીના કૃષિ ઋષિ હોવાનું માનવામાં આવે છે, જેમણે જીવનભરનાં અવલોકનોને દોહાઓમાં વિભાજીત કર્યાં હતાં. કવિ ઘાઘની પંક્તિ 'એક બૂંદ ચૈત મેં પરે, સહસ બૂંદ સાવન કી હરે'મૂળભૂત રીતે વરાહમિહિરના 'ગર્ભોત્તમ'પર આધારિત છે, જે વરસાદની કસુવાવડનો ઉલ્લેખ કરે છે, જ્યારે 'માઘ મેં ગરમી, જેઠ મેં જાડ' સૂચવે છે કે અસામાન્ય હવામાન આખરે પાક અને ચોમાસાં બંનેને બગાડે છે.

ભારતીય સાહિત્યમાં ચાતક પક્ષી અને ચોમાસાં વચ્ચેનો સંબંધ અમર છે. કાલિદાસથી મીરાબાઈ સુધીના કવિઓ ચાતકને સ્વાતિ નક્ષત્રની રાહ જોવાનું પ્રતીક માનતા હતા. વૈજ્ઞાનિક રીતે, ચાતક પક્ષી સ્થળાંતર કરનાર પક્ષી છે, જે દક્ષિણથી ઉત્તર તરફ સ્થળાંતર કરે છે, ખેડૂતો કાગડાઓ વિશે કહે છે કે જો તે મે મહિનામાં બાવળ કે સાવરણ જેવા કાંટાળા ઝાડ પર માળો બનાવે છે, તો તે ઓછો વરસાદ દર્શાવે છે, જ્યારે જો તે કેરી કે કરંજ પર માળો બનાવે છે, તો તે સારો વરસાદ દર્શાવે છે. આ પાછળનો તર્ક એ છે કે કાગડા જમીનના ભેજ અને પવનના પ્રવાહના આધારે માળો પસંદ કરે છે. આમાં સૌથી સચોટ ટીટોડીને માનવામાં આવે છે. ખેડૂતો કહે છે કે જો ટીટોડી ચાર ઇંડા મૂકે છે, તો પુષ્કળ અને સતત વરસાદ પડશે. સેન્ડપાઈપર નામનું પક્ષી જમીન પર માળો બનાવે છે અને ચાર ઇંડા મૂકે છે. ચોમાસાની આગાહી ઇંડાની દિશા અને માળાની ઊંચાઈ દ્વારા કરવામાં આવે છે. જો ઇંડા પૂર્વ તરફ હોય, તો તે સારા વરસાદનો સંકેત આપે છે. જો માળો ઊંચા સ્થાને હોય, તો તે ભારે વરસાદ અને પૂરનો સંકેત આપે છે. આજે પણ રાજસ્થાન, મધ્યપ્રદેશ અને બુંદેલખંડના ખેડૂતો સેન્ડપાઈપરના માળાની દિશા જોઈને વાવણીનો નિર્ણય લે છે. આ માટે વૈજ્ઞાનિક સમજૂતી એ છે કે સેન્ડપાઈપર જમીનમાં રહેતું પક્ષી છે. તેની ભેજ અને પવનની દિશા પ્રત્યેની સંવેદનશીલતા અસાધારણ છે, અને આ ત્રણ પરિબળો ચોમાસાંની તીવ્રતા સાથે સીધા જોડાયેલા છે.

ભારતીય લોક હવામાનશાસ્ત્રમાં ગરમાળાનાં વૃક્ષને સૌથી વિશ્વસનીય ફૂલ ઘડિયાળો પૈકીનું એક માનવામાં આવે છે. પરંપરાગત ખેડૂતોનો અનુભવ સૂચવે છે કે ગરમાળાનાં વૃક્ષના ખીલ્યાના આશરે ૪૦-૪૫ દિવસ પછી ચોમાસું આવે છે. તાજેતરના દાયકાઓમાં, પુણે અને જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના હવામાનશાસ્ત્રીઓએ ગરમાળાનાં ફૂલો અને દક્ષિણ-પશ્ચિમ ચોમાસાં વચ્ચેના સંબંધનું વૈજ્ઞાનિક રીતે વિશ્લેષણ કર્યું છે. અભ્યાસોમાં જાણવા મળ્યું છે કે વિવિધ પ્રદેશોમાં ગરમાળાનાં સંપૂર્ણ ફૂલો અને ચોમાસાંના આગમન વચ્ચેનો તફાવત સરેરાશ આશરે ૪૫ દિવસનો હોય છે. જૂનાગઢના લાંબા ગાળાના વિશ્લેષણમાં ગરમાળા આધારિત આગાહી અને વાસ્તવિક ચોમાસાંની તારીખ વચ્ચે મોટાભાગનાં વર્ષોમાં ફક્ત ૩ થી ૯ દિવસનો તફાવત જોવા મળ્યો, જે પરંપરાગત ખેડૂત જ્ઞાનની નોંધપાત્ર ચોકસાઈ દર્શાવે છે. આજના વૈજ્ઞાનિકો પણ આ પ્રાચીન જ્ઞાનની કદર કરતા થયા છે.

ટાઇમ લાઇન

સંજય વોરા

ભારતીય લોકસાહિત્યમાં અને ગુજરાતની ગ્રામપ્રજાનાં હૈયે ને હોઠે ભડલી વાક્યો બહુ જાણીતાં છે. ભડલી ખેડૂત પ્રજાનો માનીતો અને વિશ્વાસપાત્ર જ્યોતિષી છે. તેણે આપેલી વરસાદ અંગેની આગાહી ખેડૂતોનું પુરાણ બની ગઈ છે. તેની સાખીઓ, ચોખાઈ અને કહેવતો લોકજીભે ચડીને અમર બની ગઈ છે. લોકજ્યોતિષી તરીકે ભડલીનું નામ માત્ર ગુજરાતમાં જ નહીં પણ રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને પંજાબ પર્યંત તેનું નામ આજેય ગુંજે છે. ગુજરાત અને દક્ષિણ ભારતના અર્ધ-શુષ્ક પ્રદેશોમાં થયેલા અભ્યાસોએ પણ સૂચવ્યું છે કે ઉનાળામાં લીમડાનાં ઝાડમાં પુષ્કળ ફૂલ અને ફળ સારાં ચોમાસાંની નિશાની હોઈ શકે છે. તેવી જ રીતે ખેડૂતો ઉધઈના ટેકરાના અચાનક દેખાવાનું ભૂગર્ભ ભેજ અને નજીક આવતા વરસાદના સંકેત તરીકે અર્થઘટન કરે છે. આધુનિક સંશોધન પણ ઉધઈના ટેકરા, જમીનનો ભેજ અને ભૂગર્ભજળના સ્તર વચ્ચેના ગાઢ જોડાણની પુષ્ટિ કરે છે.૨૭ નક્ષત્રો પર આધારિત ભારતીય કૃષિ કેલેન્ડર મૂળભૂત રીતે એક પ્રયોગમૂલક ચંદ્ર કેલેન્ડર છે, જેમાં વાવણી, વાવેતર અને લણણી જેવી પ્રવૃત્તિઓ ૨૭ નક્ષત્રોમાંથી ચંદ્રના પસાર થવાની લય સાથે સુસંગત હોય છે. ગ્રામીણ સમાજમાં રોહિણી નક્ષત્ર દરમિયાન વરસાદને ખૂબ જ શુભ માનવામાં આવે છે, જ્યારે આર્દ્રા નક્ષત્રની શરૂઆતને પરંપરાગત રીતે દક્ષિણ-પશ્ચિમ ચોમાસાંના ઔપચારિક આગમન તરીકે જોવામાં આવે છે. ભૌતિકશાસ્ત્ર અને તાજેતરના ઉપગ્રહ આધારિત અભ્યાસોએ દર્શાવ્યું છે કે ચંદ્રનું ગુરુત્વાકર્ષણ સમુદ્રી ભરતી, તેમજ વાતાવરણીય દબાણ, ભેજ અને વરસાદના દરમાં સૂક્ષ્મ પરંતુ માપી શકાય તેવી વધઘટનું કારણ બને છે.

આજે પરંપરાગત લોક હવામાન જ્ઞાન ત્રણ ગંભીર કટોકટીઓનો સામનો કરી રહ્યું છે. પહેલું છે પેઢીઓ વચ્ચે વધતો જતો જોડાણનો અભાવ. ગામડાંના વૃદ્ધ ખેડૂતો, જેઓ વાદળોના રંગ, પક્ષીઓના અવાજ અને પવનની દિશા જોઈને વરસાદની આગાહી કરતા હતા, તેઓ હવે તેમના જીવનના અંતિમ તબક્કામાં છે, જ્યારે નવી પેઢી રોજગાર અને આધુનિક જીવનની શોધમાં વ્યસ્ત છે. પરિણામે અનુભવ અને સ્મૃતિ પર આધારિત જ્ઞાનની આ પરંપરા ધીમે ધીમે લુપ્ત થઈ રહી છે.

બીજું સંકટ આબોહવા પરિવર્તન છે. લોક હવામાનશાસ્ત્ર જે કુદરતી સંકેતો પર ટકી રહ્યું હતું તે પોતે જ બદલાઈ રહ્યું છે. વધતા તાપમાનને કારણે ગરમાળાનું વૃક્ષ અકાળે ખીલી રહ્યું છે, જેના કારણે ચાતક પક્ષીની ઋતુગત યાત્રાઓ પર અસર પડી રહી છે, અને કાગડાના માળાઓની પરંપરાગત દિશાઓ પણ હવે સ્થિર નથી. આ લોક શાણપણ જેના પર વિકસ્યું તે પ્રકૃતિનું સંતુલન હચમચી રહ્યું છે. ત્રીજું અને સૌથી ગહન સંકટ માનસિકતાનું છે. આધુનિક દષ્ટિકોણથી વૈજ્ઞાનિક અને પરંપરાગત જ્ઞાન એકબીજા સામે લડી રહ્યા છે. ખેતરો અને ગામડાઓમાં સંચિત પર્યાવરણીય અનુભવને અંધશ્રદ્ધા તરીકે અવગણવામાં આવે છે. ગરમાળાનું વૃક્ષ હજુ પણ ખીલે છે. ચાતક પક્ષી હજુ પણ મુલાકાત લે છે. ટીટોડી હજુ પણ તેનાં ચાર ઇંડાં સાથે જમીન પર બેસે છે, પરંતુ જૂની પેઢી આ જ્ઞાન નવી પેઢીને આપી રહી નથી. જો આપણે નહીં જાગીએ, તો જ્ઞાનની આ પરંપરા વડીલો સાથે અદશ્ય થઈ જશે.



**આજે પણ ગ્રામીણ વિસ્તારોમાં વડીલો ઘણીવાર છોડ, પક્ષીઓ, આકાશની સ્થિતિ અને પવનની ગતિ અને દિશાના આધારે વરસાદની આગાહી કરતાં જોઈ શકાય છે**

# 'ફાઉસ્ટ' માનવ આત્માની જિજ્ઞાસા અને મુક્તિની મહાગાથા!

વિશ્વ સાહિત્યના ઈતિહાસમાં એવાં બહુ ઓછા પુસ્તકો છે જેણે માનવજાતના અસ્તિત્વ, તેની જિજ્ઞાસા અને નૈતિક સંઘર્ષને એટલા ઊંડાણપૂર્વક ઉજાગર કર્યા હોય, જેટલું જર્મન મહાકવિ જોહ્ન વોલ્ફગેંગ વોન ગેટે રચિત નાટક 'ફાઉસ્ટ' એ કર્યું છે. આ કૃતિ માનવીય ચેતનાની સર્વોચ્ચ યાત્રાનું દાર્શનિક દર્શન છે. ગેટેએ પોતાના જીવનના લગભગ 60 વર્ષ આ મહાન કૃતિ પાછળ ખર્ચ્યા હતા.

આ નાટક જર્મન લોકકથાઓના એક પાત્ર ડૉ. જોહ્ન ફાઉસ્ટ પર આધારિત છે. ફાઉસ્ટ વિજ્ઞાન, જાદુઈ વિદ્યા, ધર્મ અને દર્શનશાસ્ત્રનો ઊંડો અભ્યાસ કરનાર વિદ્વાન છે, છતાં તે અતૃપ્ત છે. તેને સમજાય છે કે પુસ્તકીય જ્ઞાન માનવ આત્માની મૂળ ભૂખ સંતોષી શકતું નથી. આ નિરાશાની ક્ષણમાં શેતાનનું પ્રતિનિધિ 'મેફિસ્ટોફેલિસ' તેની સમક્ષ પ્રગટ થાય છે.

મેફિસ્ટોફેલિસ ફાઉસ્ટ સાથે એક ડીલ કરે છે. તે પૃથ્વી પર ફાઉસ્ટની તમામ ભૌતિક અને માનસિક ઈચ્છાઓ પૂરી કરશે અને અલૌકિક શક્તિઓ આપશે, પરંતુ મૃત્યુ પછી ફાઉસ્ટનો આત્મા શેતાનનો ગુલામ બની જશે. શરત એ હોય છે કે જો ફાઉસ્ટ ક્યારેય એવી પરમ સંતોષની ક્ષણ અનુભવે અને કહે કે, ક્ષણ તું રોકાઈ જા, તું અતિશય સુંદર છે!, ત્યારે જ તેનો આત્મા શેતાન હસ્તક જશે. ફાઉસ્ટ આ ડીલ સ્વીકારે છે કારણ કે તેને ખાતરી હોય છે કે કોઈ પણ ભૌતિક વસ્તુ તેને ક્યારેય સંપૂર્ણપણે સંતોષી શકશે નહીં.

નાટકનો પ્રથમ ભાગ વ્યક્તિગત મહત્વાકાંક્ષા, પ્રેમ અને ગ્રેચેન (માર્ગારિટ) નામના પાત્રની કરુણાંતિકા પર કેન્દ્રિત છે. જ્યારે બીજો ભાગ રાજકારણ, ગ્રીક પૌરાણિક કથાઓ અને માનવજાતના સામૂહિક વિકાસના વિશાળ કેનવાસ પર ફેલાયેલો છે. ગેટે આ નાટક દ્વારા દર્શાવે છે કે માનવી જ્યાં સુધી પ્રયત્નશીલ રહે છે, સંઘર્ષ કરતો રહે છે, ત્યાં સુધી તે ભટકતો હોવા છતાં આખરે મુક્તિ પામે છે.

ગેટેએ આ નાટકના સર્જન માટે પોતાની યુવાનીથી લઈને વૃદ્ધાવસ્થા સુધીનો લાંબો સમય આપ્યો હતો.

કર્ટનકોલ



ભાગ-1 ગેટેએ દાયકાઓની મહેનત પછી આ નાટકના પ્રથમ ભાગને 1808 માં પ્રકાશિત કર્યો હતો. આ ભાગે સમગ્ર યુરોપમાં ધૂમ મચાવી દીધી હતી અને ગેટેને વિશ્વ સાહિત્યના શીર્ષસ્થાને બેસાડી દીધા હતા.






**ગેટેનું આ નાટક જેટલું અદ્ભુત વાંચવામાં છે, તેટલું જ તેને રંગમંચ પર ભજવવું અત્યંત જટિલ અને પડકારજનક રહ્યું છે**

ભાગ-2 આ નાટકનો બીજો અને વધુ જટિલ ભાગ ગેટેના અવસાનના થોડા સમય બાદ 1832 માં પ્રગટ થયો હતો. ગેટેએ પોતાના જીવનકાળ દરમિયાન જ આ નાટકનું લેખન કાર્ય પૂરું કરી દીધું હતું, પરંતુ તેના દાર્શનિક પ્રતીકવાદને કારણે તે મૃત્યુ પછી પ્રકાશિત થયું.

ગેટેનું આ નાટક જેટલું અદ્ભુત વાંચવામાં છે, તેટલું જ તેને રંગમંચ પર ભજવવું અત્યંત જટિલ અને પડકારજનક રહ્યું છે. તેના વિશાળ કદ, કવિતાત્મક સ્વરૂપ અને દાર્શનિક ગહનતાને કારણે ગેટેના પોતાના જીવનકાળ દરમિયાન તે સંપૂર્ણપણે રંગમંચ પર ભજવવું અશક્ય જેવું માનવામાં આવતું હતું.

નાટકના પ્રથમ ભાગનો પહેલો મંચન પ્રયોગ જર્મનીના બ્રાન્શવિક થિયેટરમાં સફળતાપૂર્વક યોજવામાં આવ્યો હતો. આ પ્રયોગે સાહિત્યિક વર્તુળોમાં ભારે આશ્ચર્ય અને ઉત્સાહ જગાવ્યો હતો.

ગેટેના આ મહાન નાટકના બંને ભાગોને ક્યારેય કાપ્યા વિના, તેના મૂળ સ્વરૂપમાં પહેલીવાર સંપૂર્ણપણે 1938 માં સ્વિટ્ઝરલૅન્ડના પ્રખ્યાત 'ગોએથેનમ' ખાતે ભજવવામાં આવ્યા હતા. આ ઘટના નાટ્ય ઈતિહાસમાં એક સીમાચિહ્ન સમાન સાબિત થઈ હતી. મૂળ જર્મન નાટક ઉપરાંત, આ કથાના પ્રભાવ હેઠળ અન્ય કલા ક્ષેત્રોમાં પણ અદભુત કામ થયું. ફ્રેન્ચ સંગીતકાર ચાર્લ્સ ગુનોડ દ્વારા 1859 માં પેરિસ, ફ્રાન્સ ખાતે 'ફાઉસ્ટ' નામે જ એક વિશ્વપ્રસિદ્ધ ઓપેરા તૈયાર કરવામાં આવ્યો હતો. આ ઓપેરાએ યુરોપ અને અમેરિકાના રંગમંચ પર ખૂબ જ મોટા પાયે લોકપ્રિયતા મેળવી અને તે નિયમિતપણે ભજવાતો રહ્યો. 'ફાઉસ્ટ' એ માનવજાતની અનંત જિજ્ઞાસા અને નૈતિક પતન-ઉત્થાનની ગાથા છે. તે આપણને યાદ અપાવે છે કે જીવન એ માત્ર ભૌતિક ભોગવિલાસ નથી, પરંતુ સતત શીખવાની, ભૂલોમાંથી સુધરવાની અને આંતરિક ઉત્થાનની એક અવિરત યાત્રા છે. ગેટેની આ કલમ આજની આધુનિક દુનિયામાં પણ એટલી જ પ્રાસંગિક છે જેટલી તે ઓગણીસમી સદીમાં હતી.

## કેન્સરથી મોટી જિંદગી

અનુસંધાન પાના એકનું

રેડિએશનમાં વધુ ચોકસાઈ અને ઊંડાઈથી સતત અપડેટ રહેવું વ્યવહારિક રીતે મુશ્કેલ છે. આ કોઈની મર્યાદા નથી, આ આધુનિક મેડિકલ સાયન્સની વિશાળતા છે.

એટલે ખાસ કરીને સંભવિત રીતે મટી શકે અને સ્થાનિક રીતે આગળ વધેલા કેન્સરમાં દર્દીએ સારવાર શરૂ કરતાં પહેલાં યોગ્ય નિષ્ણાંતોની સલાહ અને જરૂર પડે ત્યારે મલ્ટી ડિસિપ્લિનરી મૂલ્યાંકન વિશે વિચારવું જોઈએ. ખાસ કરીને જ્યારે સર્જરી શક્ય હોય, પરંતુ સારવાર પહેલાં કેન્સરને નિયંત્રિત કરવાની અથવા તેનું કદ ઘટાડવાની શક્યતા હોય, ત્યારે "શું નિયોએડજુવન્ટ સારવારની ભૂમિકા છે?" એવો પ્રશ્ન પૂછવો સમજદારીભર્યો છે. તેનો જવાબ દર્દીમાં 'હા' હશે એવું નથી, પરંતુ યોગ્ય દર્દીમાં આ પ્રશ્ન ચૂકી જવો પણ યોગ્ય નથી.

અંતે એક વાત કોઈ એક સ્પેશિયાલીટી મોટી કે નાની હોવાની નથી. વાત એ છે કે કેન્સર એક જ સમસ્યા નથી અને તેની સારવાર પણ એક જ દ્રષ્ટિકોણથી નક્કી થતી નથી. સર્જન કેન્સરને ઓપરેશનની દ્રષ્ટિએ જુએ છે, મેડિકલ ઓન્કોલોજીસ્ટ તેની સમગ્ર શરીરમાં રહેલી અને ફેલાઈ શકે તેવી બીમારી તથા સિસ્ટમિક સારવારની દ્રષ્ટિએ જુએ છે અને રેડિએશન ઓન્કોલોજીસ્ટ સ્થાનિક નિયંત્રણની દ્રષ્ટિએ જુએ છે. જ્યારે આ ત્રણેય દ્રષ્ટિકોણ યોગ્ય સમયે એક જ ટેબલ પર મળે છે, ત્યારે દર્દીને માત્ર "સારવાર" નહીં, પરંતુ વધુ વિચારપૂર્વક તૈયાર કરેલી સારવારની વ્યૂહરચના મળે છે. આધુનિક કેન્સર સારવારનો સાચો અર્થ કદાચ એ જ છે - સારો ડૉક્ટર શોધવો પૂરતો નથી, યોગ્ય સમયે યોગ્ય નિષ્ણાતનું યોગ્ય જ્ઞાન સારવારમાં જોડાય તે જરૂરી છે. ક્યારેક કેન્સરની શ્રેષ્ઠ સારવાર ઓપરેશનથી શરૂ થાય છે, ક્યારેક દવાથી, ક્યારેક રેડિએશનથી અને ક્યારેક આ ત્રણેયના ચોક્કસ ક્રમથી. તેથી કેન્સરમાં હવે પ્રશ્ન માત્ર "કોણ સારવાર કરશે?"નો નથી. વધુ મહત્ત્વનો પ્રશ્ન છે - "મારા કેન્સર માટે કઈ સારવાર, કયા ક્રમમાં અને કયા નિષ્ણાતોના સંકલનથી સૌથી યોગ્ય રહેશે?" કેન્સરની દુનિયામાં કદાચ આવનારાં વર્ષોની સૌથી મોટી ક્રાંતિ કોઈ નવી દવા કે નવી સર્જરી નહીં હોય. તે હશે - દરેક દર્દી માટે યોગ્ય નિષ્ણાતનું યોગ્ય જ્ઞાન, યોગ્ય સમયે એકસાથે લાવવાની સંસ્કૃતિ કારણ કે કેન્સરની સારવારમાં શ્રેષ્ઠ પરિણામ ઘણી વખત એક જ ડૉક્ટરની શક્તિથી નહીં પરંતુ યોગ્ય ટીમની સંયુક્ત બુદ્ધિથી મળે છે.

**ડિસ્કલેમર**

આ લેખમાં આપવામાં આવેલી માહિતી માત્ર માહિતીના હેતુઓ માટે છે અને તેને તબીબી સલાહ તરીકે ગણવામાં આવવી જોઈએ નહીં. વ્યક્તિગત માર્ગદર્શન અને સારવારના વિકલ્પો માટે કૃપા કરીને ક્વોલિફાઈડ હેલ્થકેર પ્રોફેશનલનો સંપર્ક કરો.

## મનકા સિતાર

અનુસંધાન પાના એકનું

ઈકબાલ ભાગલા પછી પાકિસ્તાન ચાલ્યા ગયા અને પાકિસ્તાન માટે રાષ્ટ્રગીત લખી આપ્યું. આપણે વાઘા બોર્ડરની સાંજની ઝંડાપરેડ જોવા જઈએ ત્યારે એ કરડાકી અને ખુન્નસથી લબાલબ પાકિસ્તાની સૈન્ય માટે એમના રાષ્ટ્રપિતા કાયદે આઝમ મોહમ્મદ અલી ઝીણાનું અને વહાલું વતન હિન્દુસ્તાન છોડીને ફક્ત મુસ્લિમ હોવાને કારણે નવા કંડારાયેલા દેશમાં હિજરત કરી જનારા રાષ્ટ્રકવિ મોહમ્મદ ઈકબાલનું કેટલું વજૂદ છે એનો ખ્યાલ આવે છે. ઝીણા કાઠિયાવાડી ખોજા હતા અને એમના પૂર્વજોએ માછલીનો વેપાર કરવામાં અડચણરૂપ થતી હિન્દુ ઓળખ છોડીને ઈસ્લામ સ્વીકારવામાં શ્રેય જોયું હતું. ઝીણા કોઈ ચુસ્ત મુસ્લિમ હતા જ નહીં. એ નહોતા મસ્જિદમાં જતા, નહોતા રોજા રાખતા કે નહોતા કુરાનમાં ફરમાવેલ દારૂને હરામ ગણાવતા આદેશનો અમલ કરતા. એમને મુંબઈ ખાતે વકીલાત કરતા તત્કાલીન મોભાદાર વકીલની ઓળખ ઉપલબ્ધ હતી. એ પારસી સમાજમાં પરણ્યા હતા. ફક્ત એમની ગાંધી સાથેની લોકનાયક બની જવાની હરીફાઈ અને મહત્ત્વાકાંક્ષા જ ટીબીના છેલ્લા સ્ટેજમાં દેશના વિભાજન જેવા લોહિયાળ અંજામ ભણી દોરી ગઈ હતી! જનગણમનને રાષ્ટ્રગીત તરીકે માન્યતા મળી છતાં ખાટસવાદિયા વિવાદ ઊભો કરવાનું તો નહોતા જ ચૂક્યા. હિન્દુસ્તાન પધારેલા પંચમ જ્યોર્જની પ્રશસ્તિમાં નહોતું લખાયું અને સૌથી પહેલાં કોંગ્રેસ અધિવેશનમાં જ ગવાયું હતું, છતાં એ વિવાદને રાજકીય હેતુસર આજ પર્યંત જીવંત રાખવાના ઉધામા થતા રહ્યા છે. 'અધિનાયક' અને 'ભાગ્યવિધાતા' જેવાં વિશેષણો રવીન્દ્રનાથ ટાગોરે ઈશ્વર માટે વાપર્યાં હતાં અને એ મતલબની ચોખવટ પણ એમણે કરી હતી. આઝાદીના જંગમાં ગાંધીજી સાથે એમના પ્રેરણામૂર્તિ બની રહેલા ભારતના રાષ્ટ્રકવિ ગુરુદેવ ટાગોરને પંચમ જ્યોર્જ માટે સ્વાગત ગીત લખી આપનાર કહેનારા ટીકાકારો અજાણતાં જ રાષ્ટ્રદ્રોહ કરતા હોય એવું નથી લાગતું? હા, એક વાત સાચી કે એ સમયે બંગાળી ભાષાનો અને સાહિત્યનો ભારતીય ભાષાઓમાં જબરો દબદબો હતો. ગાંધીજી પોતે બંગાળી શીખી રહ્યા હતા. જોકે ઉર્દૂછાંટવાળી હિન્દુસ્તાની જ દેશના તમામ લોકોને એક સૂત્રમાં પરોવી શકે એવી સમજણ સાથે એમણે હિન્દીપ્રચારને પોતાની રચનાત્મક પ્રવૃત્તિઓમાં અગ્ર સ્થાન આપ્યું હતું. એ સમયગાળામાં હિન્દી સાહિત્યમાં ટાગોરની હરોળમાં ઊભી રહી શકે એવી પ્રતિભાઓ પણ ક્યાં હતી? એથી રાષ્ટ્રગીત અને રાષ્ટ્રગાન જેવી બેઉ કૃતિઓ બંગાળી ભાષામાંથી પસંદ કરવી પડી હશે! ખરું જોતાં તમામ ભારતીય ભાષાઓમાં એવી, બલકે એથી પણ ચડિયાતી કવિતાઓ આજે તો ઉપલબ્ધ છે જ.

## બહુશ્રુત

અનુસંધાન પાના એકનું

એટલે ચાર મહિનામાં ચાર પગલાં લેવાયાં નિકાસ પર પ્રતિબંધ, જથ્થાની મર્યાદા, જકાતમુક્ત આયાત અને આ બધાં વચ્ચેની એક મહત્ત્વની કડીનો જાહેરમાં ઈનકાર. દરેક પગલું અલગ મતદારવર્ગને ધ્યાનમાં રાખીને લેવાયું, પરંતુ આ વર્ષે દેશમાં કેટલી ખાંડ મળશે એ 18 મહિના પહેલાં લેવાયેલા વાવેતરના નિર્ણયથી જ નક્કી થઈ ગયું હતું. તેને આમાંથી એકેય પગલું બદલી શકે એમ નહોતું. ખાંડનો ભાવ પ્રતિ કિલો રૂ. 60 સુધી પહોંચતો જોનાર ગ્રાહક અને પોતાના FRPની બાકી રકમ મળવાની રાહ જોતો શેરડીનો ખેડૂત આ ઘટનામાં સામસામે નથી. બન્નેની સમસ્યાનું મૂળ એક જ છે. ગ્રાહકને ખાંડના ભાવ ઘટવાની રાહ છે અને ખેડૂતને પોતાના બાકી પૈસા મળવાની. પરંતુ બન્ને માટે સરકારના નિર્ણયો ચૂંટણીના સમયપત્રકને ધ્યાનમાં રાખીને લેવાઈ રહ્યા છે.

## નો નોનસેન્સ

અનુસંધાન પાના એકનું

આઝાદી નિશ્ચિત થઈ અને બંધારણ ઘડવાની પ્રક્રિયા શરુ થઈ ત્યારે કોંગ્રેસના નેતાઓએ ઝીણાને કહ્યું હતું કે મુસ્લિમ બહુમતી પ્રાંતોના સ્વરૂપ વિશેની તમારી કલ્પના રજૂ કરો, પણ ઝીણા એ નહોતા કરી શક્યા. આટલો મોટો બાહોશ ધારાશાસ્ત્રી નહોતો કરી શક્યો. જો કરે તો પાકિસ્તાનની રચના માટેનાં આંદોલનમાં જોડાયેલા કેટલાક મુસલમાનો નારાજ થઈને બહાર નીકળી જાય અને મુસલમાનોના હાથે જ પાકિસ્તાન રચાય એ પહેલાં જ પાકિસ્તાનનો ફિયાસ્કો થઈ જાય. અને એની જરૂરત પણ ક્યાં છે? સ્વાર્થ તો સત્તાનો છે એટલે ફોડ પાડ્યા વિના મભમ બોલો. બસ મુસલમાનોને પોરસાવો અને ડરાવો. મુસ્લિમ લીગના નેતાઓથી ઉલટું રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના નેતાઓને તો દાયકાઓનો સમય મળ્યો હતો. કોંગ્રેસના નેતાઓને સમય મળ્યો હતો તેનાથી પણ વધુ. દુનિયામાં કદાચ આ એકમાત્ર જમાત છે જેને રાષ્ટ્ર વિશેની પોતાની કલ્પના વિકસાવવા માટે આટલો સમય મળ્યો હોય! ૨૦૧૪માં ભારતમાં પહેલીવાર હિન્દુત્વ (હિન્દુત્વ હિન્દુ નહીં) બહુમતીવાળી સરકાર આવી ત્યારે સંઘ ૯૦ વરસનો થયો હતો. પણ જોવા શું મળ્યું? સત્તાધારી અને શાસકવર્ગના હિન્દુઓની દાદાગીરી અને તેમનું માથાભારેપણું જે કાઠીયાવાડમાં જોવા મળ્યું હતું, જે અન્ય રિયાસતોમાં જોવા મળ્યું હતું, જે પાકિસ્તાનમાં જોવા મળ્યું હતું. આવું જગતના અન્ય બહુમતી રાષ્ટ્રવાદી દેશોમાં પણ જોવા મળ્યું હતું. પોરસાવવા અને ડરાવવા સિવાય પ્રજાને આપવા માટે તેમની પાસે કશું જ નથી. અને આની સૌથી મોટી કિંમત બહુમતી પ્રજા જ ચૂકવે છે જેના ખભા પર ચડીને તેઓ સત્તા સુધી પહોંચ્યા છે. રાહુલ ગાંધીને એક વાત સમજાઈ ગઈ કે ગાંધી, નેહરુ અને અન્ય તેજસ્વી લોકો દ્વારા વિકસાવાયેલા સહિયારા ભારતની કલ્પનાનો મુકાબલો કરી શકે એવી હિન્દુ ભારતની આ લોકો પાસે કોઈ કલ્પના જ નથી. તેમની હિન્દુરાષ્ટ્રની કલ્પના વાંઝણી છે. માથાભારેપણા સિવાય એમાં કશું જ નથી. સામાન્ય હિન્દુ માટે છે ભય અને વરખ ચડાવેલો હિન્દુગર્વ. તકલાદી રાષ્ટ્રવાદ ટકાઉ રાષ્ટ્રવાદ સામે ટકી શકે એમ નથી એટલે તેને સીધું નિશાન બનાવવામાં કશું જોખમ નથી. આ બાજુ હિન્દુ પ્રજાને, ખાસ કરીને હવે પછી જેને પાંચથી છ દાયકા ભારતમાં જીવવાનું છે તેમને સમજાઈ ગયું કે આમાં આપણને કશું જ મળવાનું નથી. હિન્દુ ઘરનો મોભી ઘરની સુરક્ષાના નામે છાતી પર ચડીને ગૂંગળાવે એના કરતાં વિધર્મી સાથે ખુલ્લી હવામાં વિહરવામાં વધારે મોજ છે. ટૂંકમાં હિન્દુ રાષ્ટ્રવાદનું વારણ સહિયારો રાષ્ટ્રવાદ છે જેમાં લોકતંત્ર, સેક્યુલરિઝમ, ન્યાય, નાગરિક અધિકારો, કાયદાનું રાજ, ભૌતિક અને માનસિક વિકાસ કેન્દ્રમાં છે. હિન્દુઓને પણ સમજાવા લાગ્યું છે કે ધાર્મિક અને અન્ય લાગણીઓને લઈને આળા થવાની જરૂર નથી. જો આપણાં ઘરમાં કચરો હોય અને એ કચરા તરફ કોઈ ધ્યાન દોરતું હોય તો નારાજ થવાની જગ્યાએ કચરો સાફ કરવો જોઈએ. હા, કચરા તરફ ધ્યાન દોરનારે એ કામ સૌમ્ય ભાષામાં વિવેકપૂર્વક કરવું જોઈએ અને ધર્મ કે જાત જોયા વિના દરેકનું ધ્યાન દોરવું જોઈએ જે રીતે ગાંધીજી કરતા હતા.

આઝાદી પછીના ભારતના રાજકારણનું અને અત્યારે ભોગવવા પડતા પરિણામોનું આ લેસન છે.

રાહુલ ગાંધીએ ફરીવાર એ જગ્યાએ ગોલ સેટ કર્યો છે જ્યાં ૧૯૧૫ પછી ગાંધીજીએ અને કોંગ્રેસે અને ૧૯૪૬થી ૧૯૪૯ વચ્ચે ભારતનું બંધારણ ઘડનારાઓએ બંધારણ ઘડીને ગોલ સેટ કર્યો હતો. એમણે તાત્કાલિક સત્તાના રાજકારણને બાજુએ મૂકી દીધું છે. આ કાચાપોચા માણસનું કામ નથી અને રાહુલ ગાંધી પાસે યુવાખેલાડીઓની સંખ્યા દિનપ્રતિદિન વધી રહી છે.

દરમ્યાન બે પ્રશ્ન મનમાં સતાવે છે. એક, શું તંદુરસ્ત નરવો નીર્વિરોધી અને વિકાસલક્ષી (અંગ્રેજીમાં કહીએ તો bening) બહુમતી રાષ્ટ્રવાદ અસંભવ છે? બે, કે પછી એ સંભવ તો છે, પણ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ એ વિકસાવવામાં નિષ્ફળ નીવડ્યો છે અથવા તો તેને તેવા બહુમતી રાષ્ટ્રનું નિર્માણ કરવું જ નહોતું? વિચારો.

## કાકુરો




» અહીં ૮x૯ના ખાનાવાળા ચોરસ આપેલ છે.

» ચોરસના અમુક ખાનામાં ત્રિકોણમાં અંક દર્શાવ્યા છે.

» બાકીનાં ખાલી ખાનામાં ૧ થી ૯ નો અંક આવી રીતે લખવો જેનો સરવાળો ત્રિકોણમાં આપેલ અંક જેટલો થવો જોઇએ.

» કોઇ પણ અંકનો બીજી વખત ઉપયોગ કરવો નહિ (એક જ સંખ્યામાં)

→ આડી લાઇન

↓ ઊભી લાઇન

### કાકુરો- નો ઉકેલ

